# સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલનો યાદગાર વાર્ષિકોત્સવ





ગાંધીનગરના સેક્ટર-૧ ખાતે કાર્યરત સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલ દ્વારા વાર્ષિકોત્સવનું આયોજન ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું હતું. 'વન્સ મોર' થીમ પર યોજાયેલા આ વાર્ષિકોત્સવમાં નાનાં બાળકોએ સુંદરતમ સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત કરીને આ કાર્યક્રમને યાદગાર બનાવી દીધો હતો. રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ બાળકોએ હૉલમાં મનોહર દશ્યોનું સર્જન કર્યું હતું. બાળકોના વાલીઓ મોટી સંખ્યામાં આ કાર્યક્રમને માણવા ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



કૌશિક જયદેવભાઈ ભટ્ટ
મો. ૯૦૧૬૫ ૫૪૮૫૫



દિશાન્ત સોની
એલઆઈસી એજન્ટ
મો. ૯૪૦૮૮ ૬૩૭૩૭



ચિરાગ ગુણવંત ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## જીઆઈપીએસ પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા "ક્વિઝ કોમ્પીટીશન" યોજાઈ



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ માં પ્રિ-પ્રાઈમરી વિભાગ ખાતે તાજેતરમાં **'Quiz competition'**નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં **G.K, English,** અને Maths જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. બાળકોએ આ કૉમ્પિટિશનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી દ્વારા

## સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન માટે વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત અને માર્ગદર્શન આપવા 'થિન્ક વિથ ધ બોક્સ' ઈવેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ ભારત ની પ્રથમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી છે જે રોજિંદા અભ્યાસક્રમો સાથે વિદ્યાર્થીઓ ને સ્ટાર્ટઅપ, બિઝનેસ, ઈનોવેશન માં કારકિર્દી ઘડવા માટે તમામ સહાય પુરી પડે છે. યુનિવર્સિટી માં અત્યારે ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ ની વિવિધ પ્રવૃતિઓ અને ઈનોવેશન પ્રોજેક્ટસ માં કાર્યરત છે. તાજેતરમાં, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી હસ્તક ઈન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ, એન્જિનિરીંગ, ફિઝિયોથેરાપી અને આયુર્વેદિક બ્રાન્ચ દ્વારા વિદ્યાર્થીઓ માટે ત્રણ દિવસીય 'થિન્ક વિથ ધ બોક્સ' ઈવેન્ટ નું આયોજન તા. ૨૭, ૨૮ અને ૨૯ નવેમ્બર ના રોજ યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજી હતી. આ ઈવેન્ટ માં પહેલા વર્ષ ના કુલ ૧૬૦ થી વધુ વિદ્યાર્થીઓ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ ઈવેન્ટ ની શરૂઆત માં વિદ્યાર્થીઓ ને બોક્સ, પેન્સિલ, સ્કેચપેન, કાતર, પેપરશીટ, ગુંદર જેવી સામગ્રીઓ આપવામાં આવે છે અને ઓન ધ સ્પોટ તેઓ ને કોઈ પણ એક પ્રોડક્ટ વિચારી ને તેનું પેકેજીંગ ડિઝાઈન કરી ને પ્રોડક્ટ ની બાકીના વિદ્યાર્થીઓ ને માહિતી આપીને તેને યોગ્ય ભાવ માં માર્કેટિંગ કરીને વેચાણ કરવાનું હોય છે. જેમાં પ્રોડક્ટ માટેની ટેગલાઈન, લોગો, સ્લોગન, પ્રાઈઝ, ફીચર્સ વિગેરે પ્રોડક્ટના પેકેજીંગ પર લખવાનું હોય છે.

આ ઈવેન્ટ યોજવા પાછળ નો મુખ્ય હેતુ એ હતો કે વિદ્યાર્થીઓ, માત્ર નવીન વિચારો ડેવેલોપ કરી ને માત્ર પ્રોડક્ટ નું પેકેજ બનાવે તેટલું જ નહિ પરંતુ તેને યોગ્ય રીતે માર્કેટિંગ સ્કિલ્સ થી વેચાણ કરી ને રેવન્યુ જનરેટ કરે તે હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, આજના વૈશ્વિક ઔદ્યોગિક ક્ષેત્ર માં મંદી નું જે વાતાવરણ ની જે અસર છે તેને નાથવા માટે તેમ જ વધુ માં વધુ લોકો ને રોજગારી મળે તે માટે ભારત સરકાર એ ૨૦૧૫ માં સ્ટાર્ટઅપ ઈન્ડિયા ની શરૂઆત કરી હતી અને સ્ટાર્ટઅપ એ આજને યુવાનો માં ખુબ જ લોકપ્રિય અને પસંદગી નું કારકિર્દી સ્થાન પામ્યું છે. આજે યુવાનો કોર્પોરેટ નોકરી કરતા નાનો એવો ધંધો કરવાનું વધુ પસંદ કરે છે.



## ઈન્દ્રોડાના પ્રકૃતિ ઉદ્યાન ખાતે શાહપુર શાળાની પ્રકૃતિ શિબિર



ગાંધીનગર, તા. ૨૯

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે શાહપુર પ્રાથમિક શાળાની બે દિવસીય પ્રકૃતિ શિબિરનું આયોજન તા. ૨૭ - ૨૮ નવેમ્બર ના રોજ કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય નિવાસી શિબિર દરમિયાન વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રકૃતિ વિશેષજ્ઞ ઈર્શાદભાઈ તથા તુષારભાઈ દ્વારા વિવિધ પ્રકારના પક્ષીઓ પ્રાણીઓ તથા વનસ્પતિ વિષે ઉત્કૃષ્ટ માહિતી આપવામાં આવી હતી. આ વર્ષની આ પ્રથમ શિબિર હોવાથી ઉદ્દ્ઘાટન સમારોહમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના વિવિધ અધિકારીઓ પણ વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા. શાળાના વિદ્યાર્થીઓએ રાત્રે પર્યાવરણ વિષયક નાટકો રજુ કર્યા હતાં. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ ભાગ શિબિરમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. સંસ્થા તરફથી શિબિરમાં જોડાયેલ તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા પ્રકૃતિ વિષયક સાહિત્ય એનાયત કરવામાં આવ્યું હતું.

## 'કૉફી પેઈન્ટિંગ'થી ગુજરાતનું ગૌરવ વધારતા કલાકાર



ઉપરની તસવીરો વિશિષ્ટ પેઈન્ટિંગની છે. આ પ્રકારના પેઈન્ટિંગને કૉફી પેઈન્ટિંગ કહેવાય છે. વડોદરાના કલાકાર ઉદય ઉલહાસ કોરડેએ આ પેઈન્ટિંગ્સ તૈયાર કર્યા છે. તેઓ ચિત્રકારી નાનપણથી કરતા, પણ ઈચ્છા આ વિષયમાં કંઈક અલગ કરવાની હતી. પોતાને ગિફ્ટમાં મળેલા એક કૉફી પેઈન્ટિંગને જોઈને આ 'અલગ' કરવાની ઈચ્છાને દિશા મળી અને તેમણે વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું કૉફી પેઈન્ટિંગ બનાવ્યું ને ટપાલ મારફત એમને મોકલ્યું પણ ખરું. ૧૫ દિવસ પછી વડાપ્રધાન કાર્યાલય તરફથી એમને પત્ર મળ્યો, જેમાં વડાપ્રધાને એમની આ કલાની પ્રશસ્તિ કરી હતી. આ બાબતથી એમને પ્રોત્સાહન મળ્યું ને એમણે વડોદરામાં વડોદરા થીમ પર પોતાનાં બનાવેલાં કૉફી પેઈન્ટિંગ્સનું એક પ્રદર્શન યોજ્યું. આ પ્રદર્શન ખૂબ વખણાયું. એ પછી બીજે વર્ષે કૉફી પેઈન્ટિંગ્સ વિશે વર્કશૉપ યોજ્યો ને આશાસ્પદ ચિત્રકારોને આ વિષયે તાલીમ આપી. આ યાત્રા પછી કાયમ થઈ ગઈ ને હજુ કાયમ છે. ખ્યાત વ્યક્તિવિશેષોના ૨૭૮ ઉપરાંતના કૉફી પેઈન્ટિંગ્સ તેમના ખજાનામાં સામેલ છે, જે તેમનાં કલાકૌશલની શાખ પૂરે છે.

## વિદેશ વિભાગ તરફથી મૅક્સિકો જતા ભારતીય પ્રતિનિધિ મંડળમાં ડૉ. બળવંત જાનીની પસંદગી



ગાંધીનગર, તા. ૨૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભવનનાં પૂર્વ પ્રાધ્યાપક, અધ્યક્ષ, વર્તમાનમાં ભારત સરકાર સંસ્કૃતિ મંત્રાલયના રાજા રામમોહનરાય ફાઉન્ડેશન કલકત્તાના એકઝીક્યુટીવ મેમ્બર, જે.એન.યુ. દિલ્હીમાં શૈક્ષણિક કર્મચારીની સિલેકશન સમિતિના રાષ્ટ્રપતિકક્ષાના નોમિની સદસ્ય તેમજ મધ્યપ્રદેશની ડૉ. હરિસિંહ ગૌર સેન્ટ્રલ યુનિવર્સિટીના કુલાધિપતિ ડૉ. બળવંતભાઈ જાનીની ભારત સરકારના વિદેશ વિભાગ તરફથી મેક્સિકો ખાતે જઈ રહેલા ભારતીય પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે પસંદગી થઈ છે. આ અગાઉ ભારત સરકાર તરફથી તેમને મોરેશિયસ ખાતે પણ મોકલવામાં આવેલા હતા. ડૉ. બળવંતભાઈ જાની મેક્સિકોના બીજા નંબરના શહેર ગ્વાડાલાજારા ખાતે યોજાનારા આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળાના પરિસંવાદમાં મેક્સિકો અને ભારતીય - ગુજરાતી લોકસાહિત્ય વિષયક વાર્તાલાપ કરશે.

આ ઉપરાંત ડૉ. તેઓ સાંસ્કૃતિક આદાનપ્રદાનની શક્યતાઓ વિશેની રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં અધ્યક્ષસ્થાને ભાગ લેશે અને મેક્સિકો યુનિવર્સિટીમાં વિવિધ કાર્યક્રમોના ચર્ચા સત્રમાં ભાગ લઈ ભારતનું પ્રતિનિધિત્વ કરશે. ડૉ. જાનીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ નીતિનભાઈ પેથાણી, સરસ્વતી વિદ્યામંદિર સંકુલનાં ચેરમેન અપૂર્ણભાઈ મણીઆર, ડૉ. કલાધર આર્ય તેમજ અખિલ ભારતીય સાહિત્ય પરિષદનાંપદાધિકારીઓ, સાહિત્ય-શિક્ષણ જગતના મહાનુભાવો, મિત્રવર્તુળ દ્વારા શુભેચ્છા આપવામાં આવી છે.

## સીઆરપીએફ - કોન્સટેબલ બનવા માટે શું કરવું?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. મેં ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો છે. સી.આર.પી.એફ માં કોન્સટેબલ બનવા માટે શું કરવું?**

**- રાજવીરસિંહ ગોહિલ, પેથાપુર**

આપ ચોક્કસ આ ભરતી પ્રક્રિયા માં ભાગ લઈ શકો છો. આ જગ્યા માટે વયમર્યાદા ૧૮ થી ૨૩ વર્ષ વચ્ચેની રાખવામાં આવેલ છે.ઉપલી વયમર્યાદામાં એસ.સી/એસ.ટી ઉમેદવારો માટે ૫ વર્ષની ઑ.બી.સી ઉમેદવારોને ૩ વર્ષની છૂટ મળે છે.શૈક્ષણિક લાયકાત ની વાત કરીએ તો ધો ૧૦ પાસ અથવા તેને સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જરૂરી છે. એપ્લિકેશન ફોર્મની ચકાસણી બાદ ઉમેદવારને જે તે ભરતી બોર્ડ સમક્ષ હાજર થવા માટે કોલ લેટર મોકલવામાં આવશે. આ



ઉમેદવારોએ શારીરિક માપદંડ તથા શારીરિક ક્ષમતા કસોટીમાં ઉત્તીર્ણ થવાનું રહેશે. આપ પરીક્ષા કેન્દ્રક પર જાઓ ત્યા આપે ફોર્મ સાથે જે પ્રમાણપત્રોની નકલો બીડેલ હતી, તે બધાંજ પ્રમાણપત્રોની 'અસલ' સાથે લઈને જવાં, બે પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ પણ સાથે રાખવા.જે મિત્રો શારીરિક ક્ષમતા કસોટીમાં પાસ થશે તેમની લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ લેખિત પરીક્ષાના કુલ ગુણ ૫૦ તથા સમય ૧ કલાક ૩૦ મિનિટ) જનરલ નોલેજ, સાયન્સ, ન્યૂમેરિકલ એપ્ટિટ્યુડ, ટેસ્ટ ઓફ રીઝનિંગ ઈત્યાદિ. જે બે ભાગ માં લેવામાં આવે છે. પ્રથમ પરીક્ષા વૈકલ્પિક હોય છે. જે ૨૫ માર્કસ અને સમય ૩૦ મિનિટ નો હોય છે.બીજી પરીક્ષા વર્ણનાત્મક હોય છે જે ૨૫ માર્કસ અને સમય ૬૦ મિનિટનો હોય છે. લેટર (પત્ર) / નિબંધ લેખનના સ્વરૂપમાં વર્ણનાત્મક સવાલો અને જનરલ અવેરનેસ અને પર્યાવરણને લગતા વર્ણનાત્મક સવાલો હશે. જવાબો હિન્દી અથવા અંગ્રેજી (લગભગ ૧૦૦ શબ્દોમાં આપી શકાશે. પાસ થવા માટેના ન્યૂનતમ આવશ્યક ગુણ ૩૫% (જનરલ કેટેગરી) તથા ૩૩% (SC/ST/ OBC ઉમેદવારો માટે) રહેશે.આમ આપ આ સંપૂર્ણ પ્રક્રિયા ઉત્તીર્ણ કર્યા બાદ આપણે નિમણૂક લેટર આપવામાં આવે છે.

**૨. હું ૧૨ સાયન્સ માં અભ્યાસ કરું છું.સૉફ્ટવેર એન્જિનિયર બનવા માટે શું કરવું?**

**- જનક જોશી, ગાંધીનગર**

જનક , સૌપ્રથમ તો આપે સૉફ્ટવેર ડેવલોપર એ એન્જિનિયર ના અનેક ક્ષેત્ર માનું એક છે. માટે સૉફ્ટવેર ડેવલોપર બનવા માટે આપે ૧૨ સાયન્સ પછી કોમ્પ્યુટર અથવા આઈ.ટી એન્જિનિયર નો કોર્સ કરવો જરૂરી છે.એ સિવાય આપ બી.સી.એ અને પછી એમ.સી.એ પણ કરી શકો છો.ત્યાર બાદ પણ આ ક્ષેત્ર માં અનેક વિભાગ હોય છે જેમ કે સૉફ્ટવેર ડિઝાઈનર,સૉફ્ટવેર પ્રોગ્રામર,ડેવલોપર,હાર્ડવેર ઍન્જિનિયર, ક્વોલિટી મેનેજર વગેરે. આપ સૉફ્ટવેર ડેવલોપર તરીકે કારદિર્દી બનાવવા માંગો છો તો સૌપ્રથમ તો આપે વિવિધ પ્રોગ્રામ અને અલ્ગોરિધમ વિશે



ઊંડાણ પૂર્વક અભ્યાસ જરૂરી બની રહેશે.એ માટે વિવિધ પ્રોગ્રામિંગ ભાષા નો ઉપયોગ થાય છે જેમ કે જાવા, પીએચપી, ડોટ નેટ, પાઈથન, સી પ્લસ પ્લસ વગેરે. આપ આ બધા માંથી કોઈ એક ભાષા પર પોતાનું પ્રભુત્વં જમાવી ને એના ઉપર સંશોધન કરી ને નવા નવા સૉફ્ટવેર અને વેબસાઈટ તૈયાર કરી શકો છો.એ માટે આપે વિવિધ અલ્ગોરિધમ અને કોડિંગ ઉપર પણ કામ કરવાનું થાય છે.બની શકે કે પ્રથમ પ્રયત્ને આપ સફળતા પ્રાપ્ત ના પણ કરી શકો પણ વધુ માં વધુ કોડિંગ ની પ્રેક્ટિસ કરી અને અલ્ગોરિધમ નો અભ્યાસ કરી આપ એક ચોક્કસ સારા ડેવલોપર બની શકો છો.એક સારી કોલેજ માંથી જો તમે ઍન્જિનિયરનો કોર્સ કરી આગળ વધો છો તો ચોકકસ પણે આપને એક રાષ્ટ્રીય કક્ષા ની આઈ.ટી સંસ્થા માં અથવા વિદેશ માં પણ સારી જોબ મેળવી શકો છો. . શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બી.કોમ.માં અભ્યાસ કરું છું.એમ.બી.એ કરવા માંગુ છું. માહિતી આપશો.**

**- નિયતિ પુરોહિત, ગાંધીનગર**

નિયતિ, એમ.બી.એ તમે વિચારી રહ્યા છો એ એક સારો વિકલ્પ છે અને તમને આગળ એક સારું કરિયર બનાવી આપશે. બહુજ અગત્યની વાત એ છે કે તમે એમ.બી.એ કોઈ નામાંકિત કોલેજમાથી કરો. આજકાલ ઘણી એમ.બી.એ અને તેના જેવા અભ્યાસક્રમ કરાવતી સંસ્થાઓ ઉપલબ્ધ છે.

કોલેજ સિલેક્ટ કરતાં પેહલા તે સરકાર માન્ય છે કે નહીં તે ચકાસી લેવું. સામાન્ય રીતે જો ભારતમાં સ્થિત કોઈ સારી કોલેજમાંથી એમ.બી.એ કરવું



હોય તો સી.એ.ટી., સી.એમ.એ.ટી, એકસ.એ.ટી, એસ.અન.આ.પી , એન. એમ. એ. ટી., વિગેરે જેવી પરીક્ષા આપવી પડતી હોય છે. તેમાં સિલેક્ટ થયા પછી તમારી પર્સનાલિટીનું મૂલ્યાંકન અમુક ચોક્કસ ટેસ્ટ દ્વારા કરવામાં આવે છે. એમાં પણ ઉતીર્ણ થયા પછી સિલેક્શન થતું હોય છે. અનુભવની વાત કરીયે તો જેટલો હોય તેટલો સારો ગણાય. છતાં લગભગ ૨ વર્ષથી વધારે જો અનુભવ હોય તો સારું ગણાતું હોય છે. અગત્યની વાત એ છે કે એમ.બી.એ કરવા માટે અનુભવ જરૂરી નથી. સારી એમ.બી.એ કોલેજમાં લગભગ ૫૦% વિદ્યાર્થીઓ અનુભવી અને બાકીના ૫૦% બિનઅનુભવી હોતા હોય છે.આમ આપ અત્યાર થી થી એમ.બી.એ માટે લેવામાં આવતી જણાવેલ પ્રવેશ પરીક્ષાઓ માટે ની યોગ્ય તૈયારી ચાલુ કરી ને કોઈ સારી પ્રતિષ્ઠિત કોલેજ માં પ્રવેશ મળવી શકો છો. આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ ક વ્હોટ્સ એપ કરી શકો છો.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercroner